સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેક્સ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧
તા.૨૧/૦૬/૨૦૧૬

અરજદાર : શ્રી વિનોદભાઈ પટેલ

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

**ફરીયાદની હકીકત :**

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ હેઠળની અરજદારશ્રી વિનોદભાઈ પટેલ, સુરતની તા.૧૦/૦૨/૨૦૧૬ની અરજી આઈ.ડી.નં.૬૧૨(મધ્યસ્થ કચેરી)થી અ.નં.(૧) અને (૨) અંગેની વિગતવાર માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૬/૨૦૧૬.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ હેઠળની તા.૧૦/૦૨/૨૦૧૬ની અરજી **આઈ.ડી.નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી)** થી વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ અ.નં.(૨) મુજબ મ્યુનિ. લાયબ્રેરી વિભાગમાં ફરજ બજાવતા અધિકારી તથા કર્મચારીઓના નામ અને સરનામાની માહિતી આપવામાં આવેલ છે. વિગતવાર માહિતી સુ.મ.પા.ની વેબસાઈટ ઉપરથી મેળવી લેવા જણાવવામાં આવેલ. તેઓનાં પત્ર ક્રમાક નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૫, તા.૦૨/૦૩/૨૦૧૬થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જવાબથી અસંતોષ હોવાનું જણાવી **પ્રથમ અપીલ અરજી** મધ્યસ્થ કચેરીમાં આપેલ. જે અરજી મધ્યસ્થ કચેરી, સુ.મ.પા.એ તેઓના ઈનવર્ડ નં.ડી/૨૪૫૪, તા.૦૭/૦૬/૨૦૧૬થી નોંધેલ અને તેઓના પત્ર નં.સી/એફએપી/૪૪, તા.૧૪/૦૬/૨૦૧૬થી સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન/ખાતાના અપીલ અધિકારી સહિત અત્રેના મ્યુનિ. લાયબ્રેરી વિભાગને તબદીલ કરેલ. જે અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૬/૨૦૧૬ થી અત્રે નોંધાયેલ હતી.

અરજદારની ઉકત અપીલ બાબતે અરજદારશ્રી વિનોદભાઈ પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલને એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૧૪/૦૭/૨૦૧૬નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૧, તા.૦૭/૦૭/૨૦૧૬ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી વિનોદભાઈ પટેલ હાજર રહેલ નહી. જયારે જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરત હાજર રહેલ.

ઉકત સુનાવણી દરમ્યાન શ્રી એમ. બી. પટેલ, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૦૨/૦૩/૨૦૧૬ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૫થી અ.નં.(૨) મુજબ કર્મચારીઓની ટૂંકી માહિતી આપી, વિગતે માહિતી સુ.મ.પા.ની વેબસાઈટ ઉપરથી મેળવી લેવા જણાવેલ.

આમ, અરજદારશ્રીની અપીલ અંગેની રજુઆત બાબતે શ્રી એમ. બી. પટેલ, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી તરફથી મોકલેલ પ્રત્યુત્તર સહ તેઓનો પક્ષ રજુ કરવામાં આવેલ. જયારે અરજદાર અપીલ અરજીની સુનાવણીમાં હાજર રહયા ન હતા.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૬/૨૦૧૬ બાબતે નીચે મુજબનો હુકમ કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારશ્રીને જવાબી પત્ર પાઠવવામાં આવેલ હોય, જે ધ્યાને લેતા અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.'

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર. ટી. આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, ''કર્મયોગી ભવન'', બ્લોક નં. ૧, બીજોમાળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમથી દિન –૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

(વિ. પી. પીલુદરીયા)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૧/૧
તા.૧૬/૦૭/૨૦૧૬

પ્રતિશ્રી,
(૧) ન. ર. : શ્રી વિનોદભાઈ આર. પટેલ પ્રતિ, જાણ સારૂ.....
(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, પ્રતિ, જાણ સારૂ.....
(૩) ન.સ.ર. : જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) પ્રતિ,
આપના તા.૧૪/૦૬/૨૦૧૬ના પત્ર નં.સી./એફ.એ.પી./૪૪ અન્વયે જાણ સારૂ......